# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાને સુશાસનને નવી દિશા આપી.
2. દેશમાં આજથી VB-G RAM G અંતર્ગત વિકાસ ભારત-ગેરંટી અધિનિયમ, 2025 અમલમાં આવ્યો.
3. નવ નિયુક્ત આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે બદલાતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સેનાના આધુનિકીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો.
4. આજે સવારે સર્જાયેલા ત્રણ અલગ-અલગ અકસ્માતમાં 16 ના મોત 37 લોકો ઇજાગ્રસ્ત.
5. ગત વર્ષના જૂન મહિના કરતા 13.9 ટકા વધારા સાથે GSTની એક લાખ 94 હજાર 812 કરોડ રૂપિયાની આવક થઈ.
6. પાકિસ્તાનમાં ISIS સાથે જોડાયેલા લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યાનો અફઘાનિસ્તાનનો દાવો.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે 5 મેચની શ્રેણીની પ્રથમ T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થશે.

જ્યારે, બીજી T-20 મેચ શનિવારે માન્ચેસ્ટરમાં, ત્રીજી મેચ 7 જુલાઈએ નોટિંગહામમાં, ચોથી મેચ 9 જુલાઈએ બ્રિસ્ટલમાં અને પાંચમી અને અંતિમ મેચ 11 જુલાઈએ રમાશે.

. . . . . . . . . . . . . . .

પૂલ– BHAVIK

# VENEZUELA EARTHQUAKE

વેનેઝુએલાના ભૂકંપમાં મૃત્યુઆંક વધીને એક હજાર 943 થયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા લગભગ બમણી થઈને 10 હજાર 571 થઈ ગઈ છે.

25 હજારથી વધુ અગ્નિશામકો, બચાવકર્તા, પોલીસ અધિકારીઓ, સૈનિકો દુર્ઘટનાથી પ્રભાવિત તમામ લોકોને મદદ કરવા માટે કામ કરી રહ્યા છે.

25 જૂનના રોજ, વેનેઝુએલામાં 7.2 અને 7.5 ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા. ભૂકંપ પછી કારાકાસમાં ઘણી ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . .

રીપીટ – BHAVIK

# UPI- JUNE

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) નો ઉપયોગ સતત વધી રહ્યો છે. જૂન મહિનામાં, UPIના માધ્યમથી 22 અબજથી વધુ વ્યવહારો થયા છે. ગત વર્ષના જૂન મહિનાની તુલનામાં આ 23 ટકાનો વધારો છે. આ વ્યવહારોનું કુલ મૂલ્ય 28 લાખ કરોડને વટાવી ગયું છે, જે પાછલા વર્ષની તુલનામાં 20 ટકાનો વધારો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અનુસાર, જૂનમાં દરરોજ સરેરાશ 75 કરોડ 70 લાખ UPI વ્યવહારો થયા હતા.

ઉલ્લેખનીય છે કે, UPI હવે વિશ્વભરના આઠથી વધુ દેશોમાં ઉપલબ્ધ છે, જેમાં સંયુક્ત આરબ અમીરાત, સિંગાપોર, ફ્રાન્સ, મોરેશિયસ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. દરમિયાન, યુરોબેંકે ગ્રીસથી ભારતમાં પૈસા મોકલવા માટે UPI-આધારિત રેમિટન્સ સેવા શરૂ કરી છે. આ સાથે, UPI હવે ગ્રીસમાં પણ ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# ACCIDENT

આજે સવારે રાજસ્થાન અને પંજાબ અને ઉત્તર પ્રદેશમાં સર્જાયેલી ત્રણ અકસ્માતની ઘટનામાં 16 લોકોના મોત થયા છે જ્યારે 37 જેટલા લોકો ઇજાગ્રસ્ત થયાં છે. જેમાં રાજસ્થાનના દૌસા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ટ્રક સાથે અથડાયા બાદ સ્લીપર બસમાં આગ લાગી ગઈ હતી, જેમાં સાત લોકોના મોત થયા હતા અને ૧૨થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત સવારે ૩ વાગ્યે બાંદિકુઈ નજીક તનવાડ ગામ નજીક થયો હતો.

ઋષિકેશથી ઇન્દોર જઈ રહેલી બસ એક ટ્રક સાથે અથડાઈ હતી અને ટક્કર બાદ તરત જ આગ લાગી ગઈ હતી. જ્યારે અકસ્માતની અન્ય એક ઘટના પંજાબમાં ઘટી હતી આજે વહેલી સવારે ભટિંડા-ડબવાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રાજસ્થાનના ચાર યાત્રાળુઓનું વાહન એક ટ્રક સાથે અથડાતાં મૃત્યુ પામ્યા જ્યારે અન્ય 8 લોકોને નાની ઇજાઓ પહોંચી. અકસ્માત થયો ત્યારે તેઓ અમૃતસરમાં સુવર્ણ મંદિર અને આગળ અમરનાથ મંદિર જઈ રહ્યા હોવાનું કહેવાય છે.

ત્રીજો અકસ્માત ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાના બાંગરમઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયો હતો. જ્યારે આજે વહેલી સવારે આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર ફરીદાબાદથી બિહાર જઈ રહી હતી. બસ ચાલકને ઝોકું આવી ગયું. પરિણામે, બસ ડિવાઈડર ઓળંગી ગઈ, રસ્તા પરથી ઉતરી ગઈ અને ખાડામાં પડી ગઈ. લખનૌથી મથુરા જઈ રહેલી એક એર્ટિગા કાર તેની સાથે અથડાઈ. કારમાં નવ લોકો હતા, જેમાંથી પાંચના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ચારને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા અને સારવાર હેઠળ છે.

. . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા – BHAVIK

# PASSPORT FEE

પાસપોર્ટ (સુધારા) નિયમો, 2026 હેઠળ, પાસપોર્ટ અરજી ફીમાં વધારો આજથી અમલમાં આવ્યો છે. આ નવા ફેરફાર હેઠળ, 36 પાનાના નવા પાસપોર્ટ અથવા ફરીથી જારી કરાયેલ પાસપોર્ટની કિંમત હવે 2 હજાર 500 હશે. 60 પાનાના સામાન્ય પાસપોર્ટ અથવા ફરીથી જારી કરાયેલ પાસપોર્ટની કિંમત હવે 3 હજાર 500 રૂપિયા નક્કી કરવામાં આવી છે, જ્યારે તત્કાલ યોજના હેઠળ તેનો ખર્ચ 6 હજાર રૂપિયા થશે.

ખોવાયેલા અથવા ક્ષતિગ્રસ્ત 36 પાનાના પાસપોર્ટના કિસ્સામાં, રિપ્લેસમેન્ટ સામાન્ય પાસપોર્ટ જારી કરવાની ફી 5 હજાર રૂપિયા હશે. ખોવાયેલા અથવા ક્ષતિગ્રસ્ત 60 પાનાના પાસપોર્ટ માટે, રિપ્લેસમેન્ટ સામાન્ય પાસપોર્ટ જારી કરવાની ફી 6 હજાર રૂપિયા હશે.

. . . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# DOCTORS DAY AND CA DAY

આજે રાષ્ટ્રીય ડોક્ટર્સ દિવસ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય ડોક્ટર્સ દિવસ જાહેર આરોગ્યના રક્ષણ માટે ડોકટરોના સમર્પણ અને અમૂલ્ય યોગદાનને ઉજાગર કરે છે. આ દિવસ દર વર્ષે 1 જુલાઈએ ડો. બિધાન ચંદ્ર રોયના જન્મ અને પુણ્યતિથિની નિમિત્તે ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ડોક્ટર દિવસ પર દેશભરના ડોક્ટરોને શુભેચ્છા પાઠવતાં એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, ડોક્ટરોની સખત મહેનત અને પ્રતિબદ્ધતા એ દેશની આરોગ્યસંભાળ વ્યવસ્થાનો પાયો છે. શ્રી મોદીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને પણ શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ભારતની આર્થિક યાત્રામાં વિશ્વસનીય ભાગીદાર રહ્યા છે. તેઓ દેશની નાણાકીય વ્યવસ્થાને મજબૂત બનાવે છે, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને પણ ડોકટરોના સમર્પણ, કરુણા, કૌશલ્ય અને અતૂટ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, કટોકટીના સમયમાં જીવન બચાવવાથી લઈને નવીનતા અને સંશોધન દ્વારા તબીબી વિજ્ઞાનને આગળ વધારવા સુધી, ડોકટરોની અથાક સેવા, ફરજ, બલિદાન અને કરુણાના સર્વોચ્ચ આદર્શોને પ્રતિબિંબિત કરે છે. તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દિવસ અંગે વાત કરતાં કહ્યું કે, તેઓ આજે સાંજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 78મા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દિવસની ઉજવણીમાં પોતાના વિચારો શેર કરવા માટે આતુર છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ પણ દેશના ડોક્ટરોને અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# DIGITAL INDIA- 11 YEARS

ડિજિટલ ઇન્ડિયા પહેલે દેશભરના નાગરિકોને સરકારી સેવાઓ સાથે જોડાવાની, શીખવાની, વ્યવહાર કરવાની અને ઍક્સેસ કરવાની રીત બદલી નાખી છે.

છેલ્લા 11 વર્ષોમાં, ભારતે વિશ્વની સૌથી મોટી ડિજિટલ જાહેર માળખાગત ઇકોસિસ્ટમમાંથી એક બનાવી છે. ડિજિટલ પ્લેટફોર્મ્સે ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં આરોગ્યસંભાળ, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, કૃષિ અને કલ્યાણકારી યોજનાઓની પહોંચનો વિસ્તાર કર્યો છે.

(VOICE CAST - AMAN)

. . . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# SHIVRAJ-VB G RAM G

આજે રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) [VB-G RAM G] માટે વિકાસ ભારત-ગેરંટી અધિનિયમ, 2025 અમલમાં આવ્યો છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ દિવસને ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવ્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ચૌહાણે કહ્યું કે આ કાયદો લાખો ગ્રામીણ કામદારો માટે ગૌરવ, આત્મસન્માન અને સુરક્ષિત આજીવિકા સુનિશ્ચિત કરવામાં એક નવો અધ્યાય છે.

તેમણે કહ્યું કે, આ કાયદો ગ્રામીણ પરિવારોને 125 દિવસની રોજગારીનો વૈધાનિક અધિકાર પ્રદાન કરે છે. આ પહેલમાં વિશ્વાસ વ્યક્ત કરતા, શ્રી ચૌહાણે કહ્યું કે તે ગામડાઓમાં નવી આજીવિકાની તકો ઉભી કરશે, ટકાઉ સંપત્તિના નિર્માણને વેગ આપશે, મહિલાઓને સશક્ત બનાવશે અને આત્મનિર્ભર ગ્રામીણ ભારતના વિઝનને નવી ગતિ આપશે તેમ શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું.

## બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી

. . . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા – BHAVIK

# PM-DIGITAL INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાને સુશાસનને નવી દિશા આપી છે અને દેશના સર્વાંગી વિકાસને વેગ આપ્યો છે. તેનાથી નાગરિકોને પણ સશક્ત બનાવવામાં આવ્યા છે.

ડિજિટલ ઈન્ડિયા અભિયાનના 11 વર્ષ પૂર્ણ થવા પર, શ્રી મોદીએ જણાવ્યું કે, આ પહેલની અસર લોકોના જીવનના દરેક પાસામાં દેખાય છે. તેમણે કહ્યું કે, ડિજિટલ ચુકવણી અને સીધા લાભ ટ્રાન્સફર દ્વારા, સરકારી સહાય પારદર્શિતા સાથે લાભાર્થીઓ સુધી પહોંચી રહી છે. ડિજિટલ ઈન્ડિયાએ દેશના દરેક ખૂણામાં નવીનતા લાવી છે.

શ્રી મોદીએ કહ્યું કે, આ પહેલથી શિક્ષણ, આરોગ્ય, કૃષિ, વેપાર અને સરકારી સેવાઓમાં પણ સુધારો થયો છે.

. . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# PM- OP AMISTAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન એમિસ્તાદ હેઠળ વેનેઝુએલામાં રાહત કાર્યમાં રોકાયેલા ભારતીય ડોકટરો અને તબીબી કર્મચારીઓની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે, મુશ્કેલ સમયમાં જરૂરિયાતમંદોની સેવા કરવા માટે ડોકટરોનું સમર્પણ પ્રેરણાદાયક છે. અને તબીબી કર્મચારીઓ દરેક કટોકટીમાં ખૂબ જ નિષ્ઠાથી પોતાની ફરજો બજાવે છે.

ઉલ્લેખનીય છે કે, વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપ બાદ, ભારતે શરૂ કરેલ રાહત અને બચાવ કામગીરી માટેના ઓપરેશન એમિસ્તાદ હેઠળ, ભારત વેનેઝુએલાના લોકોને માનવતાવાદી રાહત અને સહાય પૂરી પાડી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK

# ARMY CHIEF

નવા નિયુક્ત આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે બદલાતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સેનાના આધુનિકીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. 31મા આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ આજે મીડિયાને સંબોધતા, જનરલ સેઠે ભાર મૂક્યો કે ભારતીય સેનાનો ઉદ્દેશ્ય ટેકનોલોજી-સક્ષમ, ભવિષ્ય માટે તૈયાર સેનાનું નિર્માણ કરવાનો છે જે દરેક રીતે સશક્ત હોય અને બહુવિધ ક્ષેત્રોમાં કાર્ય કરવા સક્ષમ હોય.

. . . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા – BHAVIK

# FIFA WORLD CUP

ફૂટબોલમાં, મેક્સિકોએ આજે સવારે ઇક્વાડોરને 2-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 16 માટે ક્વોલિફાય કર્યું. રાઉલ જિમેનેઝ અને જુલિયન ક્વિનોન્સે મેક્સિકો માટે ગોલ કર્યા. આ 40 વર્ષમાં મેક્સિકોનો પ્રથમ વર્લ્ડ કપ નોકઆઉટ સ્ટેજ વિજય હતો.

હવે સહ-યજમાન ટીમ રવિવારે તે જ સ્થળે રાઉન્ડ ઓફ 16 માં ઇંગ્લેન્ડ અથવા ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા – BHAVIK

# DELHI HC- RAGHAV CHADHA

દિલ્હી હાઈકોર્ટે આજે રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા વિરુદ્ધ બદનક્ષીભરી કેટલીક સોશિયલ મીડિયા સામગ્રીને દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, કોર્ટે બદનક્ષીભરી સામગ્રી દૂર કરવા માટે કોઈપણ વચગાળાનો આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો. ન્યાયાધીશ સુબ્રમણ્યમ પ્રસાદે પાંચ દસ્તાવેજોને દૂર કરવાનો આદેશ આપ્યો હતો, જેના પર શ્રી ચઢ્ઢાએ વાંધો ઉઠાવ્યો હતો.

કોર્ટે ઠરાવ્યું હતું કે હાલના દાવામાં વ્યક્તિત્વના અધિકારોનો સમાવેશ થતો નથી. શ્રી ચઢ્ઢાએ અગાઉ કથિત બનાવટી સોશિયલ મીડિયા પોસ્ટના પ્રકાશન સામે હાઈકોર્ટમાં દાવો દાખલ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

પૂલ હર્ષલ પંડ્યા – BHAVIK

# GST- COLLECTION JUNE

વસ્તુ અને સેવા કર – GST થી સરકારને જૂન મહિનામાં 1 લાખ 94 હજાર 812 કરોડ રૂપિયાની આવક થઈ છે. જે ગયા વર્ષના જૂન મહિના કરતા 13.9 ટકા વધુ છે.

નાણા મંત્રાલયે જણાવ્યું કે, જૂન મહિનામાં સ્થાનિક GST કલેક્શન 1 લાખ 34 હજાર 774 કરોડ રૂપિયા હતું, જે ગયા વર્ષ કરતા 6.5 ટકા વધુ છે. તે જ સમયે, આયાત પર GST કલેક્શન 34.6 ટકા વધીને 60 હજાર 38 કરોડ રૂપિયા થયું છે.

. . . . . . . . . . . . . . . .

પૂલ SANSKRUTI – BHAVIK

# AFGHAN AIRSTRIKE PAK

અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે આજે દાવો કર્યો કે, તેના દળોએ પાકિસ્તાનમાં ISIS સાથે જોડાયેલા લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યા છે.

અફઘાનિસ્તાનના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, પાકિસ્તાનના બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતોમાં ISISના લક્ષ્યો પર ગઈકાલે રાત્રે હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં ISIS અને તેના સમર્થકોને ભારે નુકસાન થયું છે. પરંતુ કોઈ નાગરિક જાનહાનિ થઈ નથી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પાકિસ્તાની હવાઈ હુમલામાં 36 અફઘાન નાગરિકો માર્યા ગયા હતા અને અન્ય 163 ઘાયલ થયા હતા. પાકિસ્તાન દ્વારા કરાયેલા આ હુમલાઓ બાદ, સંયુક્ત રાષ્ટ્ર અને વ્યાપક આંતરરાષ્ટ્રીય સમુદાયમાં અફઘાનિસ્તાનના કાયમી મિશન દ્વારા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવા વિનંતી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

POOL, SANSKRUTI – BHAVIK